
جمعية خدمة المحتوى الإسلامي باللغات

ضيوف الرحمن
hajjumrh.com



# ઉમરહની સંક્ષિપ્ત પદ્ધતિ અને તેના આદેશો

ગુજરાતી

الغوجاراتية

## ઉમરહની સંક્ષપ્તિ પદ્ધતઅિને તેના આદેશો

દરેક પ્રકારની પ્રશંસા તે અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટનિો પાલનહાર છે, દરુદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર તેમના ઘરવાળાઓ પર અને તેમના દરેક સહાબાઓ પર.

### ત્યારબાદ:

આ સંક્ષપ્તિ પુસ્તકિા ઉમરહ માટેની જરૂરી બાબતો તેમજ તેના આદેશો અને આદાબ વશિે છે, અમે એ બાબતો વર્ણન કરવા માટે વધુ ઉત્સુક હતા કે એક ઉમરહ કરનાર વ્યક્તમિાટે શું શું જરૂરી છે.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે તે આ કામ ફક્ત નખ્રિલસ સાથે કરવાની તૌફીક આપે અને આ પુસ્તકિાને દરેક મુસલમાનો માટે ફાયદાકારક બનાવે.

**વવિધિ ભાષાઓમાં ઇસ્લામના સામગ્રી પ્રસ્તુત કરતું કેન્દ્ર**

# પ્રસ્તાવના

## પહેલું: ઈબાદત કબૂલ થવાની શરતો

**કોઈ પણ ઈબાદત અલ્લાહ પાસે બે શરતો વગર કબૂલ કરવામાં આવતી નથી:**

### ઇખલાસ

જેનો અર્થ એ કે તે કાર્ય ફક્ત એક અલ્લાહની પ્રસન્નતા માટે તેમજ આખિરત માટે કરવામાં આવે, **જેવું કે અલ્લાહ તઆલાએ કહ્યું:**

﴿وَمَآ أُمِرُوٓاْ إِلَّا لِيَعۡبُدُواْ ٱللَّهَ مُخۡلِصِينَ لَهُ ٱلدِّينَ حُنَفَآءَ﴾،

"તેઓને ફક્ત એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ ફક્ત અલ્લાહની જ ઈબાદત કરે અને અને દીનને નખિાલસતા સાથે અપનાવે",[1]

[અલ્ બય્યનિહ: ૫].

તેમજ નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

«إِنَّمَا الْأَعْمَالُ بِالنِّيَّاتِ، وَإِنَّمَا لِكُلِّ امْرِئٍ مَا نَوَى».

"દરેક કાર્યોનો આધાર નયિતો પર છે, દરેક વ્યક્તનિે તે જ મળે છે જેની તે નયિત કરે છે"[2]

### પોતાની દરેક વાત અને કાર્યોમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું અનુસરણ કરવું

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું :

«مَنْ أَحْدَثَ فِي أَمْرِنَا هَذَا مَا لَيْسَ فِيهِ فَهُوَ رَدٌّ»

"જે કોઈ વ્યક્તિ દીન બાબતે કોઈ નવી વાત કહેશે, જે તેમાં નથી, તો તેની તે વાત માન્ય નહીં ગણાય"[3]


મુસ્લિમની બીજી રવિાયતમાં છે, હદીષ નંબર: (૧૭૧૮):

«مَنْ عَمِلَ عَمَلًا لَيْسَ عَلَيْهِ أَمْرُنَا فَهُوَ رَدٌّ»

"જે વ્યક્તિ કોઈ એવો અમલ કરે, જે અમારી શરીઅત મુજબ નથી, તો તેનો તે અમલ રદ કરવામાં આવશે".[4]

---

1- અર્થાત્: તેની તરફ ધ્યાન કરી ઈબાદત કરવી તેના સિવાયના દરેકથી મોઢું ફેરવી લેવું. તફસીરે સઅદી, પેજ નંબર (૫૩૮)
2- આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૯૦૭).
3- આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૨૬૯૭), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૭૧૮).
4- આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૭૧૮).



# બીજું: ઉમરહનો તરીકો અને તેના આદેશો જાણવાનો હુકમ

જે લોકો અલ્લાહની ઈબાદત કરવા ઇચ્છતા હોય તેમણે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ આપેલ માર્ગદર્શન શીખવું જોઈએ, જેથી તેનો અમલ સુન્નત પ્રમાણે થાય, અને નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ લોકોને નબીનું અનુસરણ કરવા તેમજ આપના તરીકા મુજબ જ અમલ કરવા પર પ્રોત્સાહન આપતા હતા, માલિક બિન હુવૈરિષ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું : અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

«صَلُّوا كَمَا رَأَيْتُمُونِي أُصَلِّي»

"તમે એવી રીતે નમાઝ પઢો જેવી રીતે મને નમાઝ પઢતા જુઓ છો"[5]

જાબિર રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું:

«رَأَيْتُ النَّبِيَّ صلى الله عليه وسلم يَرْمِي عَلَى رَاحِلَتِهِ يَوْمَ النَّحْرِ وَيَقُولُ لِتَأْخُذُوا مَنَاسِكَكُمْ، فَإِنِّي لَا أَدْرِي لَعَلِّي لَا أَحُجُّ بَعْدَ حَجَّتِي هَذِهِ»

"મેં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને જોયા કે આપ કુરબાનીના દિવસે પોતાની સવારી પર ઉભા રહી કાંકરિયો મારી રહ્યા હતા અને કહી રહ્યા હતા: તમારે મારી પાસેથી હજનો તરીકો શીખી લેવો જોઈએ; હું નથી જાણતો કદાચ આ હજ કર્યા પછી આગલા વર્ષે હજ કરી શકીશ કે નહીં".[6]

5- આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૬૦૦૮).
6- આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૨૯૭).

# ત્રીજું: ઉમરહ કરવાની મહત્ત્વતા

## ઉમરહ કરનાર માટે બે મહત્ત્વતા છે:
## **એક સામાન્ય અને બીજી ખાસ**

### સામાન્ય મહત્ત્વતા:

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રવિાયત કરે છે, તેમણે કહ્યું: અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિવિસલ્લમએ કહ્યું:

«الْعُمْرَةُ إِلَى الْعُمْرَةِ كَفَّارَةٌ لِمَا بَيْنَهُمَا، وَالْحَجُّ الْمَبْرُورُ لَيْسَ لَهُ جَزَاءٌ إِلَّا الْجَنَّةَ».

(એક ઉમરહ બીજા ઉમરહ સુધી થનાર ગુનાહો માટેનો કફ્ફારો છે અને હજ્જે મબરૂર તેનો બદલો જન્નત સવિાય કંઈ નથી)[7]

---

અબ્દુલ્લાહ બનિ મસ્ઊદ રઝી અલ્લાહુ અન્હુ રવિાયત કરે છે, તેમણે કહ્યું: અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિવિસલ્લમએ કહ્યું:

«تَابِعُوا بَيْنَ الْحَجِّ وَالْعُمْرَةِ، فَإِنَّهُمَا يَنْفِيَانِ الْفَقْرَ وَالذُّنُوبَ كَمَا يَنْفِي الْكِيرُ خَبَثَ الْحَدِيدِ وَالذَّهَبِ وَالْفِضَّةِ، وَلَيْسَ لِلْحَجِّ الْمَبْرُورِ ثَوَابٌ إِلا الْجَنَّةُ».

(હજ અને ઉમરહ એક પછી એક કરતાં રહો; એટલા માટે કે આ લાચારી અને ગુનાહને એવી રીતે ખતમ કરે છે જેવી રીતે કે ભઠ્ઠી લોખંડ, સોનુ અને ચાંદીના મેલને ભષ્મ કરે છે, અને હજ્જે મબરૂરનો સવાબ જન્નત સવિાય કંઈ નથી) [8,9]

---

### અને ખાસ રમઝાન મહિનામાં:

ઈબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમા રવિાયત કરે છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિવિસલ્લમએ કહ્યું:

«عُمْرَةٌ فِي رَمَضَانَ تَقْضِي حَجَّةً مَعِي».

"રમઝાનમાં ઉમરહ કરવા મારી સાથે હજ કરવા બરાબર છે"[10]

---

7- આ હદીષને ઈમામ બુખારી રહમિહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૭૭૩), અને ઈમામ મુસ્લમિ રહમિહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૩૪૯).

8- આ હદીષને ઈમામ તર્મિઝી રહમિહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૮૧૦) અને ઈમામ નસાઈ રહમિહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૨૬૩૧).

9- લુહાર અને સુથારની આગ સળગાવતી જગ્યા, અત્ તમ્હીદ લબ્નિે અબ્દલિ્ બર્ર (૧૫/૧૦૨)

10- અર્થાત્: મારી સાથે હજ કરવા બરાબર છે, જેવું કે એક બીજી રવિાયતમાં વર્ણન થયું છે.

# ઉમરાહનો તરીકો



# પહેલું: મીકાત માટેના ખાસ આદેશો

મીકાત: તે જગ્યાઓ, જેને નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ઉમરહ કરનાર અથવા હજ કરનાર વ્યક્તિ માટે એહરામ બાંધવા માટે નક્કી કરી હોય.

---

તમારા માંથી કોઈ પણ વ્યક્તિ જેણે ઉમરહ અથવા હજની નિયત કરી હોય: જો તે આ જગ્યાએથી પસાર થાય તો તેના માટે એહરામ બાંધવું જરૂરી છે, એહરામ બાંધ્યા વગર આગળ જવું જાઈઝ (યોગ્ય) નથી

---

અને જે વ્યક્તિનું રહેઠાણ મીકાત કરતા મક્કહની નજીક હોય: તો તેમની મીકાત તેમની જગ્યા પરથી જ ગણાશે; તેઓ ત્યાંથી જ હજ અને ઉમરહ માટે એહરામ બાંધી લે

---

મક્કહના રહેવાસીઓ માટે જેઓ એહરામ બાંધવાની નિયત કરે છે: તેઓ હજ માટે મક્કહથી જ એહરામ બાંધતા હોય છે અને ઉમરહ માટે: તેઓ એક ખુલ્લા મેદાનમાં જઈ એહરામ બાંધતા હોય છે, જેવું કે તન્ઈમ નામની જગ્યા અથવા તેના જેવી જગ્યાઓ.

અને જો કોઈ વ્યક્તિ હવાઈ યાત્રા કરી રહ્યો હોય, તો તે મીકાત પ્રમાણે આવે ત્યારે એહરામ બાંધવો જોઈએ, તેણે તૈયાર થઈને એહરામના કપડાં પહેરીને એહરામ સાથે સુમેળમાં આવે. મિકાત પર પહોંચ્યા પછી, તેણે તરત જ એહરામની નિમણૂક કરવી જોઈએ. એરપોર્ટ પર ઉતરાણ સુધી તેને મોકૂફ રાખવાની પરવાનગી નથી. વિમાન ઝડપથી પસાર થવાના ડરથી, તે મિકાત પર પહોંચતા પહેલા તલબીયાહ કરીને સાવચેતી રાખી શકે છે



ضيوف الرحمن
hajjumrh.com

# બીજું: અહેરામનો તરીકો અને તેના વિશે કેટલાક આદેશો

## જે વ્યક્તિ એહરામ બાંધવા માંગે છે તેના માટે નીચે વર્ણવેલ કાર્યો કરવા મુસ્તહબ (યોગ્ય) છે

**ગુસલ,** (સ્નાન), એહરામ બાંધતા પહેલા ગુસલ કરવું, સુન્નતે મુઅક્કિદહ છે, દરેક પુરુષ અને સ્ત્રી માટે અહીં સુધી કે હૈઝ અને નિફાસ વાળી સ્ત્રીઓ માટે પણ

---

**ઉદ અથવા અન્ય સુગંધિત તેલ માથા અને દાઢી પર લગાવવું,** અને તે સુગંધ એહરામ બાંધ્યા પછી પણ બાકી રહે તો કંઈ વાંધો નથી, જ્યાં સુધી સ્ત્રીઓ સવાલ છે, તો તેના માટે ખુશ્બુનો ઉપયોગ કરવો જાઈઝ નથી, જેનાથી અજાણ પુરુષ સૂંઘી શકે



**એહરામનો ખાસ પોશાક પહેરવો, જે ઉપર નીચેની ચાદર હોય છે, સુન્નત એ છે કે તે ચાદર સફેદ રંગની હોય, પાક અને નવી હોવી જોઈએ,** સ્ત્રી માટે એહરામ, જે તે ઈચ્છે પોશાક પહેરી શકે છે, પરંતુ ધ્યાન રાખવું જોઈએ કે તે પોશાક શણગાર માટે ન હોય, ચહેરા પર નકાબ અને બન્ને હાથ પર મોજા પહેરવાથી બચવું જોઈએ, જો કે તેનો ચહેરો અને હાથ અન્ય કપડાં વડે ઢાંકી શકે છે

શરીઅત દ્વારા સાબિત નમાઝ પછી એહરામ બાંધવામાં આવે, તે નમાઝ ફર્ઝ હોય કે નફિલ, અને આ વસ્તુ જરૂરી નથ.

અને કહેવું જોઈએ: (લબૈક અલ્લાહુમ્મ ઉમરતન્) અને જો કોઈ બીજા વ્યક્તિ તરફથી ઉમરહ કરી રહ્યા હોય તો કહેવું જોઈએ (લબૈક અલ્લાહુમ્મ ઉમરતન્ અન્ ફલાનિન તે વ્યક્તિનું નામ લેવું.

જે વ્યક્તિ એહરામ બાંધવાની ઈચ્છા ધરાવતો હોય અને તેને ભય હોય કે ઉમરહ કરતી વખતે તેને કોઈ અવરોધનો સામનો થઈ શકે છે, તો તેના માટે બે શરતો જરૂરી છે, અને તેણે કહેવું જોઈએ: ("લબૈક અલ્લાહુમ્મ ઉમરતન્, વ ઇન્ હબસની હાબિસ ફમહલ્લી હયષુ હબસ્તની" અર્થ: હે અલ્લાહ! હું હાજર છું, ઉમરહ  કરવા માટે, જો મને કોઈ અવરોધ આવી જાય, તો મારા માટે છુટકારાની જગ્યા તે છે જ્યાં તે મને તે અવરોધનો સામનો થાય), જો તેણે આ શરત લગાવી અને ઈબાદત દરમિયાન કંઈક એવો બનાવ બની જાય, જેના કારણે તે ઈબાદત કરી ન શકે, તો તે ત્યાં જ હલાલ થઈ શકે છે અને તેના પર કંઈ કફ્ફારો કે ગુનોહ નહીં હોય.

ત્યારબાદ વધુમાં વધુ તલ્બિયા પઢવું જોઈએ: (લબૈક અલ્લાહુમ્મ લબૈક, લબૈક લા શરિક લક લબૈક, ઇન્નલ્ હમ્દ વન્ નિઅમત લક વલ્ મુલ્ક લા શરિક લક) [૪[ પુરુષ ઊંચા અવાજે તલ્બિયા પઢે, અને સ્ત્રી પણ બુલંદ અવાજે, જો તેની આજુબાજુ કોઈ અજાણ વ્યક્તિ ન હોય, જે વ્યક્તિ એહરામ બાંધે તેના માટે જરૂરી છે કે જ્યારે પરિસ્થિતિ બદલાય તો બુલંદ અવાજે તલ્બિયા પઢવું જોઈએ, ઉદાહરણ તરીકે તે કોઈ ઉંચી જગ્યા પર ચઢતો હોય અથવા નીચે ઉતરતો હોય અથવા રાત થતી હોય કે દિવસ બદલાતો હોય.[11]

11-માનવીનું (લબૈક) કહેવાનો અર્થ: હે મારા પાલનહાર! મેં જવાબ આપ્યો, એક પછી એક વાર લબૈક કહેવું, અને પાલનહારને જવાબ આપવાનો અર્થ એ કે અમે તારું અનુસરણ કરવા માટે હાજર છે. "ઇન્નલ્ હમ્દ વન્નઅિમત લક વલ્ મુલ્કિ" અલ્ હમ્દ (પ્રશંસા) પ્રશંસાની સંપૂર્ણતાનો ગુણ ધરાવે છે, મોહબ્બત અને મહાનતાની સાથે, જ્યારે વારંવાર મહાનતા વર્ણન કરવામાં આવે તો તે પ્રશંસા બની જાય છે, વન્નઅિમત: અલ્લાહ તે જ છે, જે પોતાના બંદાઓની ઈચ્છા પૂરી કરે છે અને મુસીબતને દૂર કરે છે, અને કહેવું (મુલ્ક) અર્થાત્ સામ્રાજ્ય ફક્ત તેનું જ છે, અલ્લાહ તે જ છે, જે બરકત વાળો, ઉચ્ચ એકલો માલકિ છે, (લા શરીક લક) મહાન અલ્લાહ માટે જ તેણે વર્ણવેલ ગુણોમાં સંપૂર્ણ અને મહાન સમજવામાં આવે, સામ્રાજ્યમાં, પેદા કરવામાં, વ્યવસ્થા કરવામાં તેમજ ઈબાદત કરવામાં ફક્ત તેને એકલો સમજવામાં આવે. મજમુઉલ્ ફતાવા વ રસાઇલુલ્ ઉષેયમનિ (૨૨/૯૬) માંથી સાર વર્ણન કરવામાં આવ્યો છે.

ઉમરહમાં એહરામ બાંધ્યા પછીથી લઈ કે તવાફ શરૂ કરતાં સુધી તલ્બિયા પઢવું જાઈઝ (યોગ્ય) છે

એહરામ બાંધનાર વ્યક્તિએ સચેત રહેવું જોઈએ કે જ્યાં સુધી તે એહરામથી હલાલ ન થઈ જાય ત્યાં સુધી તેણે વર્ણવેલ બાબતોનું ખાસ ખ્યાલ રાખવું જોઈએ

# ત્રીજું: તવાફનો તરીકો

એહરામ બાંધનાર વ્યક્તિએ સચેત રહેવું જોઈએ કે જ્યાં સુધી તે એહરામથી હલાલ ન થઈ જાય ત્યાં સુધી તેણે વર્ણવેલ બાબતોનું ખાસ ખ્યાલ રાખવું જોઈએ

જ્યારે તવાફ કરવાનું શરૂ કરો તો તલ્બીયહ છોડી દો, અને ઇઝતિબાઅ કરવું જોઈએ, ઇઝતિબાઅ કરવાની રીત એહરામના મધ્ય ભાગ તેની જમણી બગલ નીચે અને તેના છેડા તેના ડાબા ખભા પર રાખવા. એકવાર તવાફ પૂર્ણ થાય, પછી તે તેના કપડાને પહેલાની સ્થિતિમાં કરી લેવું જોઈએ, કારણ કે ઇઝતિબા ફક્ત તવાફ દરમિયાન જ હોવુ જોઈએ.







ત્યારબાદ હજરે અસ્વદ પાસે આવી, જમણા હાથ વડે સ્પર્શ કરી સલામ કરવું અને તેનો બોસો આપવો જોઈએ, જો તેને બોસો આપવાનું શક્ય ન હોય તો હાથ વડે સ્પર્શ કરી હાથનો બોસો લઈ લેવો જોઈએ, અને જો હાથ વડે પણ સ્પર્શ કરવું શક્ય ન હોય તો જે વસ્તુ પોતાની સાથે હોય જેવી કે લાકડી વગેરે તેનાથી સ્પર્શ કરી લેવું જોઈએ અને તેનો બોસો લઈ કેવો જોઈએ, જો તેને સ્પર્શ ન કરી શકતા હોય તો હજરે અસ્વદ તરફ મોઢું કરી હાથ વડે ઈશારો કરવો જોઈએ અને હાથનો બોસો ન લેવો જોઇર, ત્યાં ભીડભાળ ન કરવી બહેતર છે, જેથી લોકોને નુકસાન પહોંચે અથવા લોકો તમને નુકસાન પહોંચાડે

---

હજરે અસ્વદને સ્પર્શ કરતી વખતે અથવા તેના તરફ ઈશારો કરતી વખતે અલ્લાહુ અકબર કહેવું જોઈએ. (અલ્લાહ સૌથી મોટો છે)

પછી જમણી બાજુ ફરી કઅબાને ડાબી બાજુ થઇ જવું જોઈએ અને રુકને યમાનીને સ્પર્શ કરવું જોઈએ, તેને બોસો ન આપવો જોઈએ, જો શક્ય ન હોય તો ત્યાં ભીડ ન કરવી જોઈએ અને ન તો ઈશારો કરવો જોઈએ

---

રુકને યમાની અને હજરે અસ્વદ દરમિયાન આ દુઆ પઢવી જોઈએ: ("રબ્બના આતિના ફિદ્ દુનિયા હસનતવ્ વફીલ્ આખિરતિ હસનતવ્ વકિના અઝાબન્ નાર" હે અમારા પાલનહાર! મને દુનિયા અને દીન બન્ને જગ્યાએ શ્રેષ્ઠતા આપ, અને અમને જહન્નમની આગથી બચાવી લે)

---

જ્યારે પણ હજરે અસ્વદ તરફ આવો તો હાથ વડે ઈશારો કરી અલ્લાહુ અકબર (અલ્લાહ સૌથી મોટો છે) કહેવું જોઈએ

---

અને તવાફ કરતી વખતે અન્ય જગ્યાઓ પર જે કંઇ તમને ઝિકર પઢી શકતા હોય અથવા દુઆ માંગી શકતા હોય અથવા કુરઆન મજીદની તિલાવત કરી શકતા હોય, તે કરવું જોઈએ

---

સુન્નત તરીકો એ છે કે પ્રથમ ત્રણ ચક્કરોમાં રમલ કરવું જોઈએ, રમલનો અર્થ થાય છે, ઝડપથી મોટા ડગલાં ભરવા જોઈએ, અને બાકીના ચાર ચકકરોમાં સામાન્ય આદત પ્રમાણે ચાલવું જોઈએ, તેમાં રમલ

જ્યારે તવાફ પૂર્ણ થાય તો મકામે ઈબ્રાહીમ પર આવી આ તિલાવત કરવી જોઈએ:

﴿...وَٱتَّخِذُواْ مِن مَّقَامِ إِبۡرَٰهِـۧمَ مُصَلّٗى...﴾،

(અને ઇબ્રાહીમની જગ્યાને નમાઝ પઢવાની જગ્યા બનાવી લો), [અલ્ બકરહ: ૧૨૫].

જો શક્ય હોય તેની પાછળ બે રકઅત નમાઝ પઢવી જોઇએ, જો ત્યાં જગ્યા ન મળે તો મસ્જિદમાં જ્યાં જગ્યા મળે બે રકઅત નમાઝ પઢી લેવી જોઈએ, પહેલી રકઅતમાં સૂરે ફાતિહા પઢયા બાદ આ સુરત પઢવી જોઈએ :

﴿قُلۡ يَـٰٓأَيُّهَا ٱلۡكَٰفِرُونَ﴾

(કુલ્ યા અય્યુહલ્ કાફિરુન) [અલ્ કાફિરુન: ૧].

અને બીજી રકઅતમાં સૂરે ફાતિહા પઢયા પછી આ સુરત પઢવી જોઇએ:

﴿قُلۡ هُوَ ٱللَّهُ أَحَدٌ﴾.

(કુલ્ હુવલ્લાહુ અહદ) [અલ્ ઇખલાસ: ૧].

# ચોથું : સઇ કરવાનો તરીકો

તવાફ કરી લીધા પછી તેમજ બે રકઅત નમાઝ પઢી લીધા પછી સઇ કરવા માટે મસઆ તરફ આવવું જોઈએ, જ્યારે સફાની નજીક આવો ત્યારે આ આયત પઢવી જોઈએ: ﴿إِنَّ ٱلصَّفَا وَٱلۡمَرۡوَةَ مِن شَعَآئِرِ ٱللَّهِ...﴾

(સફા અને મરવહ અલ્લાહની નિશાનીઓ માંથી છે,) [અલ્ બકરહ: ૧૫૮].

પછી આ શબ્દો કહો : " હું ત્યાંથી શરૂ કરું છું, જ્યાંથી અલ્લાહએ શરૂ કર્યું",

«أَبْدَأُ بِمَا بَدَأَ اللهُ بِهِ» .

«હું ત્યાંથી શરૂ કરું છું, જ્યાંથી અલ્લાહએ શરૂ કર્યું».[12]



12- આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૨૧૮).

ફરી સફા પર ચઢી, કઅબતુલ્લાહ દેખવવા લાગે અથવા તેની તરફ મોઢું કરવું જેથી તે કિબ્લહ બની જાય ત્યાબાદ તેની તરફ મોઢું કરી અલ્લાહની તૌહીદનું વર્ણન કરો, અલ્લાહની મહાનતાનું વર્ણન કરો અને આ દુઆ પઢવી જોઈએ : (લા ઇલાહ ઇલ્લલ્લાહુ વહદહુ લા શરિક લહુ, લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ વ હુવ અલા કુલ્લિ શયઇન્ કદીર, લા ઇલાહ ઇલ્લલ્લાહુ વહદહુ, અન્જિઝ વઅદહુ, વ નસર અબ્દહુ, વ હઝમલ્ અહઝાબ વહદહુ",) અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી, તે એકલો છે તેનો કોઈ ભાગીદાર નથી, તેનું જ સામ્રાજ્ય છે, પ્રશંસા તેના માટે જ છે, તે સંપૂર્ણ કુદરત ધરાવે છે, અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી, તેણે પોતાનું વચન પૂરું કર્યું, બંદાઓની મદદ કરી અને ઇસ્લામના શત્રુઓને તેણે એકલાએ હરાવ્યા) આ દુઆ ત્રણ વખત પઢવી જોઈએ અને દરમિયાનમાં જે ઈચ્છા થાય તે દુઆ કરી શકાય છે.

પછી સફા પરથી ઉતરી મરવહ તરફ ચાલવું જોઈએ, જ્યારે તમને ઉપર લીલા રંગની લાઇટ દેખાય ત્યાં થોડુંક ઝડપથી ચાલવું જોઈએ, પછી જ્યારે બીજી લીલા રંગની લાઇટ દેખાય ત્યારે સામાન્ય આદત પ્રમાણે ચાલવું જોઈએ, ઝડપથી દોડવું સ્ત્રીઓ માટે નથી.

જ્યારે મરવહ પર પહોંચો તો સફા પર ઉભા રહી જે પ્રમાણે કર્યું એ જ પ્રમાણે મરવહ પર કરવું જોઈએ, (બીજા નંબરનો પેરેગ્રાફ).

પછી મરવહ પરથી ઉતરી સફા તરફ ચાલતા આવવું જોઈએ, જ્યારે લીલા રંગની લાઇટ દેખાય તો ઝડપથી ચાલવું જોઈએ અને બીજી વાર લીલા રંગની લાઇટ જુઓ તો સામાન્ય આદત પ્રમાણે ચાલવું જોઈએ.

આ જ પ્રમાણે સાત ચક્કર પુરા કરવા જોઈએ, સફાથી મરવહ જવામાં એક ચક્કર અને છેલ્લો સાતમો ચક્કર મરવહ પર પૂર્ણ થશે.




ચાલતા ચાલતા જે કંઈ ઈચ્છા થાય, ઝિકર, દુઆ અને કિરાઅત કરી શકો છો

## પાંચમું : સંપૂર્ણ વાળ અથવા થોડા વાળ કપાવવા બાબતે

જ્યારે તવાફ અને સઇ પૂર્ણ થઈ જાય તો પુરુષ માટે થોડાક અથવા સંપૂર્ણ વાળ કપાવવા જરૂરી છે, સુન્નત છે કે સંપૂર્ણ વાળ કાઢી નાખવા જોઈએ, અથવા માથાના દરેક ભાગથી સહેજ સહેજ વાળ કાપવા જોઈએ

સંપૂર્ણ વાળ કપાવવા થોડાક વાળ કપાવવા કરતા બહેતર છે, જો કે હજનો સમય નજીક હોય અને તમે હજ કરવાના હોવ, તેમજ વાળ કપાવ્યા પછી માથા પર વાળ તરત જ ન આવતા હોય તો પછી  તે સમયે થોડાક જ વાળ  કપાવવા જોઈએ

સ્ત્રીઓ માટે તો માથાના કિનારેથી આંગળીયો ના ટેરવાં જેટલા વાળ કાપી નાખવા જોઈએ



# એહરામમાં ધ્યાનમાં રાખવા જેવી જરૂરી બાબતો

## તે બાબતો જેનાથી બચવું જરૂરી છે તે

શરીરના ગમે તે અંગ પરથી વાળ કાપવા, ખેંચવા અથવા કાઢી નાખવા

---

બન્ને પગ અને હાથના સંપૂર્ણ અથવા સહેજ નખ કાપવા

---

કોઈ પણ વસ્તુથી માથાને ઢાંકવું, ઉદાહરણ તરીકે : ટોપી, પાઘડી, અથવા માથા પર રૂમાલ મુકવો અથવા ચાદર મુકવી, કામળો અથવા કોઈ પણ વસ્તુ મુકવી, જેનાથી માથું ઢાંકવાનો હેતુ હોય, આ આદેશ પુરુષો માટે ખાસ છે, સ્ત્રીઓ માટે નહીં

જેમ કે સીવેલા કપડાં, ટ્રાઉઝર, શર્ટ, હાથના મોજાં અને પગના મોજા. આ ખાસ કરીને પુરુષો માટે છે, સ્ત્રીઓ માટે નહીં. સ્ત્રીઓને ફક્ત આનાથી પ્રતિબંધિત છે:

નકાબ, બુરકો અથવા કોઈ વસ્તુથી ચહેરો ઢાંકવો, જો કે અજાણી વ્યક્તિથી ચહેરો છુપાવવો જરૂરી છે, જે કંઇ માથા પર ઓઢયું હોય, તેનાથી, જો કે માથા પર કાયદેસર કોઇ કપડું અથવા કપડાં જેવું કંઈક બાંધવું તેના માટે જાઈઝ નથી, જેથી તેને કોઈ અજાણ વ્યક્તિ સ્પર્શ ન કરી શકે, અને આ શરીઅતથી સાબતિ નથી.

હાથમાં મોજા પહેરવા જોઈએ, અને અજાણ પુરુષોની સામે તેણીએ પોતાના હાથને અબાયાની અંદર મૂકીને ઢાંકવા જોઈએ.

શરીર પર ખુશ્બુ લગાવવી અથવા એહરામ પર.

જાનવરોનો શિકાર અથવા તેમને પકડવા ભલેને કતલ ન કરતા હોય.


પોતાના માટે અથવા અન્ય માટે સગાઈ કરવીલગ્ન કરવા.

સંભોગ સિવાય ભેગા થવું, બોસો આપવો, ઈચ્છા સાથે સ્પર્શ કરવું.

સંભોગ, ગુપ્તાંગને દાખલ કરવું.

ضيوف الرحمن
hajjumrh.com

# ઉમરહ માટેના કાર્યોનો ક્ષાર પ્રથમ પેજ પર અથવા છેલ્લા પેજ પર)



ગુસલ(સ્નાન.

ખુશ્બુ(સુગંધ લગાવવી.

એહરામ માટે કપડું પહેરવું.

એહરામ, જે ઈબાદતમાં પ્રવેશ માટેની નિયત છે.

તલ્બિયહ પઢવું.

બૈતુલ્લાહનો તવાફ કરવો.

મકામે ઈબ્રાહીમ પાછળ બે રકઅત નમાઝ પઢવી.

સફા અને મરવહની સઇ કરવી.

વાળ નીકળવા અથવા છાંટવા.

અલ્લાહ સૌથી વધારે જાણવાવાળો છે, દરુદ અને સલામતી ઉતરે આપણાં નબી મુહમ્મદ પર.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| 3 | ઉમરહની સંક્ષિપ્ત પદ્ધતિઅને તેના આદેશો |
| 4 | પ્રસ્તાવના |
| 4 | પહેલું: ઈબાદત કબૂલ થવાની શરતો |
| 5 | બીજું: ઉમરહનો તરીકો અને તેના આદેશો જાણવાનો હુકમ |
| 6 | ત્રીજું: ઉમરહ કરવાની મહત્ત્વતા |
| 7 | ઉમરાહનો તરીકો |
| 8 | પહેલું: મીકાત માટેના ખાસ આદેશો |
| 10 | બીજું: અહેરામનો તરીકો અને તેના વિશે કેટલાક આદેશો |
| 12 | ત્રીજું: તવાફનો તરીકો |
| 15 | ચોથું : સઇ કરવાનો તરીકો |
| 17 | પાંચમું : સંપૂર્ણ વાળ અથવા થોડા વાળ કપાવવા બાબતે |
| 18 | એહરામમાં ધ્યાનમાં રાખવા જેવી જરૂરી બાબતો |
| 20 | ઉમરહ માટેના કાર્યોનો ક્ષાર (પ્રથમ પેજ પર અથવા છેલ્લા પેજ પર) |

# تعرف على الإسلام
# بأكثر من 100 لغة

موسوعة الأحاديث النبوية
HadeethEnc.com

ترجمات متقنة للأحاديث النبوية وشروحها بأكثر من (60) لغة

بيان الإسلام
byenah.com

مواد منتقاة للتعريف بالإسلام وتعليمه بأكثر من (120) لغة

موسوعة القرآن الكريم
QuranEnc.com

ترجمات متقنة لمعاني القرآن الكريم بأكثر من (75) لغة

موسوعات وخدمات إسلامية باللغات
s.islamenc.com

للمزيد
من المواقع الإسلامية
بلغـــات العـــالم

جامع المحتوى الإسلامي باللغات
islamcontent.com

مواد إسلامية متنوعة وشاملة بأكثر من (125) لغة

ضيوف الرحمن
hajjumrh.com

مواد منتقاة للحجـــاج والمعتمرين و الزوار بلغات العالم

جمعية خدمة المحتوى الإسلامي باللغات

ضيوف الرحمن
hajjumrh.com